# ૮૯મી જન્મજયંતી અંક



તુજ જ્ઞાનધ્યાનનો રંગ, અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.


કહાન સં. ૨૨ સં. ૨૦૫૮ [૭૦૬] * આત્મધર્મ * [અંક-૨ વર્ષ-૫૯] વીર સં. ૨૫૨૮ ઓગસ્ટ-૨૦૦૨

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ ''......શાલિતંદુલને બહિરંગ તુષ વિદ્યમાન હોતાં, અભ્યંતર તુષનો ત્યાગ કરી શકાતો નથી. અભ્યંતર તુષનો ત્યાગ થતાં, બહિરંગ તુષનો ત્યાગ નિયમથી હોય છે જ. આ ન્યાયથી સર્વ સંગના પરિત્યાગરૂપ બહિરંગ દ્રવ્યલિંગ હોતાં, ભાવલિંગ હોય કે ન હોય, નિયમ નથી. પરંતુ અભ્યંતરમાં ભાવલિંગ હોતાં, સર્વ સંગના પરિત્યાગરૂપ દ્રવ્યલિંગ હોય જ છે. ૭૪૨.

*(શ્રી જયસેન આચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૪૧૪)*

❀ જિનેન્દ્રદેવકે ચરણોંકા દર્શન (જિનભક્તિ) અંતઃકરણમેં ઉત્પન્ન હોકર વિસ્તારકો પ્રાપ્ત હુયે સમસ્ત અજ્ઞાનકો ઈસ પ્રકારસે નષ્ટ કર દેતા હૈ જિસ પ્રકાર કિ ઈસ લોકમેં ફૈલે હુએ સમસ્ત અંધકારકો સૂર્યકી પ્રભા નષ્ટ કર દેતી હૈ. વહ પુણ્યકો વિસ્તૃત કરતા હૈ, પાપકો નષ્ટ કરતા હૈ, તથા પ્રમોદ, મૈત્રી, કાંતિ, ઉત્તમ ગતિ, બુદ્ધિ, ઔર લક્ષ્મીકા આશ્રય લેકર કાંતિ વ કીર્તિકો ઉત્પન્ન કરતા હૈ. ઠીક હૈ—જો જિન ચરણોંકા દર્શન મુક્તિકો ભી પ્રાપ્ત કરા દેતા હૈ વહ અન્ય ક્યા ક્યા નહીં કર સકતા હૈ? સબ કુછ કર સકતા હૈ. ૭૪૩.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, શ્લોક–૪૦૧)*

❀ સ્વર્ગલોકમેં ઈચ્છાનુસાર ભોગોંકો નિરંતર ભોગકર ભી જો કોઈ નિશ્ચયસે તૃપ્ત નહીં હુઆ વહ વર્તમાન તુચ્છ ભોગોંસે કિસ તરહ તૃપ્તિ પ્રાપ્ત કર સકેગા? ૭૪૪. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય–ટીકા, શ્લોક–૭૫)*

❀ સુખ ભોગવવામાં પાપ નથી પણ સુખના અનન્ય કારણરૂપ એવા ધર્મનો ઘાત કરવાવાળા કાર્યાદિનો આરંભ કરવો એમાં પાપ છે. જેમ મિષ્ટ અન્નના ભોજનથી અજીર્ણાદિ રોગ થતાં નથી, પરંતુ ગૃદ્ધિતા પૂર્વક ભોજનની માત્રા ઉલ્લંઘન કરવાથી અજીર્ણાદિ રોગ થાય છે. અજીર્ણનું કારણ મિષ્ટભોજન નથી, પણ આશક્તિપૂર્વક અતિભોજન એ જ અજીર્ણાદિ રોગનું કારણ છે. તેમ હે ભાઈ! પાપનું મુખ્ય કારણ વિષયાદિ સેવન નથી પણ ધર્મનો ઘાત કરી અતિ કષાય વશ થઈ અન્યાયરૂપ પ્રવર્તવું એ જ છે. ૭૪૫.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૨૭)*

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૯
અંક-૨
[૭૦૬]

વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
August
A.D. 2002





# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *જ્ઞાનીને સ્થિરતામાં વૃદ્ધિ પ્રયત્ન વિના થાય છે કે જુદો પુરુષાર્થ કરવો પડે છે?*

**સમાધાન :—** સ્થિરતા પોતાની મેળાએ વધે નહીં, પોતે લીનતા કરવાનો પ્રયત્ન અંદર કરે છે તો થાય છે. પોતે કાંઈ કરે જ નહિ ને સ્વયં લીનતા થઈ જાય તેમ થતું નથી. જ્ઞાયકની દૃષ્ટિ–તેના બળથી લીનતા થાય છે. જ્ઞાનીનો ઉપયોગ વારે વારે બહાર જાય છે, છતાં તે મર્યાદામાં રહીને બહાર જાય છે. સ્વરૂપ તરફ પોતાના ઉપયોગની દોરીને ખેંચી રાખે છે, અને તેથી ઉપયોગને વધારે બહાર જવા દેતો જ નથી. હું જ્ઞાયક છું, આ હું નથી–આ હું નથી એમ વારંવાર જ્ઞાયકના જોરમાં પોતે પુરુષાર્થ કર્યા જ કરે છે. તેને વિકલ્પથી પુરુષાર્થ નથી કરવો પડતો, સહજ કરે છે. તથા તેમાં હઠ પણ કરવી પડતી નથી અર્થાત્ પુરુષાર્થ ન થતો હોય અને વારેવારે હઠથી તેને કરવો પડે એમ નથી. તેને પરાણે-પરાણે કરવું પડે એમ હોતું નથી. પરંતુ પોતે જ્ઞાયકને ઓળખ્યો છે એટલે સહજ તે તરફનો પુરુષાર્થ કરે છે. જે પોતાનો સ્વભાવ હોય તે જેમ સહજ હોય છે, તેમ પુરુષાર્થ પણ સહજ થાય છે.

મુમુક્ષુ :—'હું જ્ઞાનસ્વરૂપ છું' તેમ ખ્યાલમાં રહ્યા જ કરે?

બહેનશ્રી :—'હું જ્ઞાનસ્વરૂપ છું' તેમ પોતાને રહ્યા જ કરે. રાગ તરફ તેની રુચિ નથી. તેથી ત્યાંથી છૂટતો જાય છે અને પોતા તરફ વળતો જાય છે. આ રીતે પુરુષાર્થ સહજ થાય છે, હઠથી કે પરાણે–પરાણે થતો નથી. તેને આત્માની રુચિ છે, માટે રુચિ અને પુરુષાર્થ આનંદથી કરે છે. સહજ થાય છે.

મુમુક્ષુ :—આપે 'આનંદ' શબ્દ સારો કહ્યો, 'સહજ'નો અર્થ આનંદથી થાય છે.

બહેનશ્રી :—પુરુષાર્થ આનંદથી કરે છે, હઠથી નહિ. આ હઠ એટલે ખેદપૂર્વક કરે છે એમ નહિ, પણ રુચિપૂર્વક આનંદથી કરે છે, તેમ અર્થ છે. તેને પુરુષાર્થ કરવામાં રસ આવે છે તેમ જ પોતાનું સ્વરૂપ છે એટલે સહજ તે તરફ પોતે આનંદ અને રુચિથી જાય છે.

મુમુક્ષુ :—શું રુચિપૂર્વક ને રસપૂર્વક સહજ પુરુષાર્થ છે?

બહેનશ્રી :—બહારના દૃષ્ટાંતમાં, જેમ ભગવાનનાં–ગુરુનાં દર્શનનો પોતાને રસ લાગ્યો હોય તો ભગવાનનાં કે ગુરુનાં દર્શન કરવા આનંદથી જાય છે, હઠથી જતો નથી, તેમ જ્ઞાયકનો પ્રેમ લાગ્યો તે આનંદથી તે તરફ જાય છે. હઠથી નહીં, પણ સહજ જાય છે કેમકે અંદર રસ અને રુચિ છે.

જેમ પાણી પાણીને ખેંચતું પાણી તરફ જાય છે તેમ જ્ઞાયક જ્ઞાયકને ખેંચતો જ્ઞાયક તરફ જાય છે અને તે તેનું સહજ છે. જ્ઞાયક જ્ઞાયકની દોરી પોતા તરફ ખેંચે છે. ત્યાં હઠ કે ખેદ નથી, આનંદ છે. પોતાનો સ્વભાવ પોતાને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય, તેથી તે સહજ છે. અંદર જવાનું ગમે છે, બહાર જવું ગમતું જ નથી, તથા અંદર જાય તો પોતાને સંતોષ અને શાંતિ થાય છે. માટે તે કાર્ય હોંશથી કરે છે, તે બોજારૂપ લાગતું નથી.

**પ્રશ્ન :—** *હું જ્ઞાયક જ છું એવો નિર્ણય શું પહેલાં બુદ્ધિપૂર્વક થતો હશે?*

**સમાધાન :—** પહેલાં નિર્ણય બુદ્ધિપૂર્વક થાય છે. તેને અંતરમાંથી એવી શ્રદ્ધા (-વિશ્વાસ) આવી જાય છે કે આ હું જ્ઞાયક છું. અને આ જ્ઞાયકને ગ્રહણ કરી તેમાં તીવ્રતા-ઉગ્રતા કરવાથી અવશ્ય આગળ જવાશે એવો નિર્ણય તેને આવી જાય છે. જ્ઞાયકના મૂળમાંથી સ્વભાવ ગ્રહણ થાય છે કે જ્ઞાયક આ જ છે, આ વિભાવ છે; આ પર છે, આ સ્વભાવ છે અને તે સ્વભાવને ગ્રહણ કરવાથી અંતરમાંથી શાંતિ અને આનંદ આવશે. આ જ્ઞાયકને જ ગ્રહણ કરવાનો છે, તેના પુરુષાર્થને ઉગ્ર કરવાથી અવશ્ય આમાંથી સ્વાનુભૂતિ પ્રગટ થશે એવો જોરદાર નિર્ણય પ્રથમ હોય છે અને સ્વાનુભૂતિ પછી ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. પહેલાં નિર્ણય હોય છે, પણ ભેદજ્ઞાનની સહજ ધારા હોતી નથી. તેને જ્ઞાયક ગ્રહણ થાય અને છૂટી પણ જાય, પુરુષાર્થની એવી તીવ્રતા-મંદતા થયા કરે. પણ નિર્ણય જોરદાર હોય છે કે આવી

જાતનો પુરુષાર્થ કરવાથી—આ જ્ઞાયકની ઉગ્રતા કરવાથી—અવશ્ય માર્ગે જવાશે.

સ્વાનુભૂતિ પછી તેને જ્ઞાયકની ધારા સહજ જોરદાર રહે છે. ક્ષણે ક્ષણે ગમે ત્યાં ઉપયોગ બહાર જાય તથા અનેક જાતના વિભાવના વિકલ્પ આવે, તો પણ જ્ઞાયકની ધારા વર્તે છે, જ્ઞાયક ક્ષણે ને ક્ષણે જુદો ને જુદો રહે છે. બહારથી ગમે તે કાર્ય થતું હોય અને અંતરમાં ગમે તે વિકલ્પ આવતા હોય તો પણ જ્ઞાયક તેનાથી ન્યારો અને ન્યારો રહે છે, જ્ઞાયકધારાની પરિણતિ જુદી જ રહે છે. ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં, સૂતાં-જાગતાં, એમ કોઈ પણ કાર્યમાં નિરંતર ભેદજ્ઞાનની ધારા રહે છે. તે ભેગો થતો જ નથી એવી સહજ ધારા રહે છે.

મુમુક્ષુને પહેલાં તો માત્ર નિર્ણય હોય છે, સહજ ધારા હોતી નથી, પણ નિર્ણય એવો હોય છે કે આ જ્ઞાયકને ગ્રહણ કરવાથી અને તેની ઉગ્રતા કરવાથી અર્થાત્ ભેદજ્ઞાન કરવાથી અવશ્ય સ્વાનુભૂતિ થશે. તેની ભેદજ્ઞાનધારા ટકતી નથી કારણ કે સહજ નથી, છતાં તેની ઉગ્રતા કરતાં કરતાં સ્વાનુભૂતિ થશે એવો નિર્ણય છે.

**પ્રશ્ન :—** *સંસ્કારની વાત ઘણી આવે છે, તો ઊંડા સંસ્કાર કઈ રીતે નાખવા ?*

**સમાધાન :—** જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તેનું ચિંતવન, તેની મહિમા, તેની લગની, સત્સંગ, શ્રવણ-મનન આદિ વારંવાર કરવાં. છાશને વલોવતાં-વલોવતાં માખણ બહાર આવે છે તેમ વારંવાર જ્ઞાયકનું મંથન કર્યા કરવું. ગુરુદેવે બતાવ્યું છે તે પ્રમાણે પુરુષાર્થ વારંવાર કરવો. હું ચૈતન્ય જુદો છું, આ વિભાવ જુદાં છે એમ ભેદજ્ઞાન માટે તૈયારી પોતાને કરવાની છે. બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય મળે, તેમનો સત્સંગ થાય, શ્રવણ-મનન થાય તે બધું વારંવાર કર્યા કરવું. વારંવાર તેના (જ્ઞાયકના) સંસ્કાર દૃઢ કરવા. રુચિ વારંવાર તીવ્ર થાય તેમ કર્યા કરવું.

**પ્રશ્ન :—** *પરિણતિનો પલટો કરવા માટે પુરુષાર્થ કેવો કરવો ? વાંચન કરવું ? વિચાર કરવા ?*

**સમાધાન :—** એક ચૈતન્ય તરફની દૃષ્ટિ પ્રગટ કરવા માટે વાંચન-વિચાર કરવા. અંતરની દિશા પલટાવવાનો હેતુ હોવો જોઈએ. પરિણતિ તદ્‌ગતરૂપે—તે રૂપે—તદાકાર ન થાય ત્યાં સુધી વાંચન-વિચાર બધું આવે છે. વિચારમાં ટકે નહિ તો વાંચન કરે અથવા વાંચનમાંથી વિચાર કરે, જ્યાં પરિણતિ સ્થિર થાય તે કર્યા કરે. પણ કરવાનું એક જ છે—દૃષ્ટિ પલટાવવાની છે, અંદરની દિશા પલટાવવાની છે. તે ન થાય ત્યાં સુધી તેની પાછળ પડી જવું.

**પ્રશ્ન :—** *'જ્ઞાની પાસે જઈને તું ભક્તિ માંગજે' એટલે શું?*

**સમાધાન :—** ભક્તિ એટલે કે મહિમા કરજે. (તેમની પાસેથી) હું જાણી લઉં.... જાણી લઉં તેવા એકલા વિકલ્પ કરવા કરતાં તું ભક્તિ એટલે કે મહિમા કરજે. સત્‌પુરુષની દશાની મહિમા આવતાં તને તારા આત્માની મહિમા આવવાનો અને તારા આત્માની દશા પ્રગટ કરવાનો અવકાશ છે. હું જાણી લઉં....જાણી લઉં એમ લુખ્ખા જ્ઞાનની માંગણી કરવા કરતાં, અર્થાત્‌ આનું શું? આનું શું? એમ કરવા કરતાં તેમની મહિમા કરજે. એનાથી તારા ચૈતન્યની મહિમા તને આવશે અને ચૈતન્ય તરફ વળાશે. બહાર દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરવાથી અંતરમાં તારા આત્માની મહિમા આવવાનો અવકાશ છે. તેમની મહિમા વગર તું જાણીશ તે શું કામનું?

જેણે આત્માની દશા પ્રગટ કરી છે અને આત્માની સાધના કરી છે, એવા ગુરુની મહિમા તને નહિ આવે તો તને તારા આત્માની મહિમા આવવાનો ક્યાં અવકાશ છે? તારા આત્માની મહિમા ન આવે અને એકલું જાણ્યા કરે તો પણ આત્મા તરફ વળવાનો અવકાશ નથી. માટે જ જ્ઞાન મહિમાપૂર્વક હોવું જોઈએ. મહિમા વગરનું જ્ઞાન તારા સ્વભાવ તરફ આવશે નહિ.

અરિહંત ભગવાનના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે તે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે. ભગવાનની દશાની મહિમા આવે ત્યારે ભગવાનના આત્માની મહિમા આવે અને તો નિજ આત્માની મહિમા આવે. ગુરુની દશાની મહિમા આવે તો ગુરુને ઓળખે અને ગુરુને ઓળખે તે પોતાને ઓળખે.

શ્રીમદ્‌જી એમ લખે છે કે ''જ્ઞાની પાસે જ્ઞાન માંગવા કરતાં ભક્તિ માંગજે'' કેમકે તેનાથી તને તારા સ્વભાવની મહિમા આવશે. જ્ઞાનનો સ્વભાવ શું છે? વિભાવ શું છે? એમ તું તત્ત્વ-વિચાર કરીને જાણજે. પણ માત્ર જાણી લઉં...શીખી લઉં...ભણી લઉં...આવું બધું કરવાથી તું એમાં ને એમાં રોકાઈ જઈશ, અને તારા તરફ વળવાનો અવકાશ રહેશે નહિ. ગુરુના સ્વભાવની મહિમા આવતાં તું સહેજે અંતરમાં વળી જશે, તારાથી વિભાવમાં ટકી નહિ શકાય. જો ગુરુની દશાની મહિમા આવી તો આત્માની–સ્વભાવની મહિમા આવશે, અને તો વિભાવમાં ટકી નહિ શકાય; પોતા તરફ જવાનો પ્રયત્ન ઊપડશે. નિજ મહિમા વગર જ્ઞાન પોતાના તરફ આવશે નહિ. જો તને પોતાની મહિમા નથી આવતી તો વિભાવની મહિમામાં તું ઊભો રહીશ અને સ્વભાવ તરફ નહિ જઈ શકાય. માટે મહિમાપૂર્વક જ્ઞાન હોય. જ્ઞાન, ભક્તિ, તત્ત્વવિચાર આદિ આત્માની મહિમાપૂર્વક હોવાં જોઈએ.

જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું હોય તો પોતાનામાં વળાશે, રુચિ પોતાના તરફની થશે. વિભાવમાં એકત્વબુદ્ધિ, તન્મયતા હશે તો પોતાનામાં નહિ વળી શકાય. માટે તેનાથી તું નિરાળો થજે. તારી પરિણતિનો વેગ સ્વભાવ તરફ જાય એવી અંદરથી વિરક્તિ, મહિમા, તેવા તત્ત્વના વિચાર કરજે અને તું પોતાને ઓળખીને તારા તરફ વળજે. એટલે કે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું સાથે હશે તો જ તારામાં વળાશે, તે વગર વળાતું નથી. જ્ઞાન વગર ક્યાં જઈશ ? અને મહિમા-ભક્તિ વગરનું એકલું જ્ઞાન હશે તો લૂખું થઈ જશે. માટે જ્ઞાન, મહિમા, વિરક્તિ વગર પોતા તરફ જઈ શકાતું નથી.

**પ્રશ્ન :—** *વિભાવને અને વર્તમાન પર્યાયને ગૌણ કરી સ્વભાવનું આલંબન કરવાનું કહેવામાં આવે છે; પણ સ્વભાવ તો દેખાતો નથી ? વર્તમાન વિકાર જ દેખાય છે ?*

**સમાધાન :—** જે નથી દેખાતું તેને જોવાનો પ્રયત્ન કરવો અર્થાત્ જે અદૃશ્ય છે તેને દૃશ્યમાન કરવું અને જે દેખાય છે તેને ગૌણ કરવું. સ્વભાવ અદૃશ્ય લાગે છે, પણ તે દેખાય એવો છે. તેને પોતે જોતો નથી તેથી તે અદૃશ્ય એટલે કે ગુપ્ત થઈ ગયો છે એમ નથી; તે દેખાય, લક્ષમાં આવે, તેનાં દર્શન થાય તેમ જ જ્ઞાનમાં આવે તેમ છે. માટે તેને દૃશ્યમાન કરવાનો પ્રયત્ન કરવો. બધાને જ્ઞાનસ્વભાવ તો જણાઈ રહ્યો છે. તે જ્ઞાનના લક્ષણ દ્વારા—ગુણ દ્વારા—ગુણીને ઓળખી લેવો. ગુણ-ગુણીના ભેદ પડે, પણ તે એક જ વસ્તુ છે, જુદી નથી. શાસ્ત્રમાં આવે છે કે લક્ષણથી લક્ષ્યને ઓળખી લેવું, ઓળખવાનો પ્રયત્ન કરવો. લક્ષ્યને-જ્ઞાનસ્વભાવને ઓળખવાથી, તેમાં દૃષ્ટિ કરવાથી, તથા તેમાં તન્મયતા થવાથી, શાંતિ અને સુખ મળે છે. તેમાંથી જ અપાર અને અગાધ જ્ઞાન પ્રગટે છે. અપૂર્વ વીતરાગી દશા ને આનંદ તેને ગ્રહણ કરવાથી પ્રગટે છે. આ અનાદિકાળના બધા વિભાવ તો આકુળતારૂપ અને દુઃખરૂપ છે. તેને ટાળવા નિરાળા તત્ત્વને ગ્રહણ કરવું.

**પ્રશ્ન :—** *રાગી જીવ ભેદનું લક્ષ કરે તો રાગ ઉત્પન્ન થાય છે. તો સામર્થ્યનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન કેવી રીતે થાય ? કેમ કે સામર્થ્ય પણ એક અંશ છે ને ?*

**સમાધાન :—** સામર્થ્યમાં એક અંશ ન લેવો, પરંતુ અનંત શક્તિથી ભરેલો આત્મા લેવો અને તેમાં પણ અખંડ દ્રવ્યનો આશ્રય લેવાનો છે, એક ગુણનો આશ્રય લેવો એમ નહિ. તે અખંડ દ્રવ્ય કેવું છે ? કે અનંત શક્તિથી—અનંત સામર્થ્યથી ભરેલું છે. તે દ્રવ્યનો આશ્રય લેવાથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે; જ્યારે વિભાવના આશ્રયે કે પર્યાય અને ગુણભેદ ઉપર દૃષ્ટિ મૂકવાથી તો રાગ થાય છે. માટે અંદર એક આખા દ્રવ્યનો આશ્રય લેવો.

મુમુક્ષુ :—ધ્રૌવ્યને અંશ કહેવામાં આવે છે ને ? તે તો વિભાગ થયો, તો આખી વસ્તુ કેવી રીતે છે ?

બહેનશ્રી :—ધ્રૌવ્ય તે આખી વસ્તુ છે. કોઈ અપેક્ષાએ તેને અંશ તરીકે પણ લેવાય છે; છતાં તે અંશ અને આ પર્યાયના અંશમાં ફેર છે. ઉત્પાદ-વ્યય એ પલટતો અંશ છે અને આ તો શાશ્વત ધ્રુવ અંશ છે કે જે સ્થિર છે, પૂર્ણ છે. ઉત્પાદ-વ્યય પલટતા અંશો હોવાથી જ્ઞાનમાં ગૌણ થાય છે, જ્યારે શાશ્વત ધ્રૌવ્યને ગ્રહણ કર્યો તેમાં આખું અસ્તિત્વ આવી જાય છે. જે પલટે છે તે જ્ઞાનમાં આવે છે, પણ પલટે છે તેનો આશ્રય લેવામાં આવતો નથી. જે શાશ્વત છે તેનો જ આશ્રય લેવાય છે. બીજી ક્ષણે જે પલટી જાય છે, તે પલટતાનો આશ્રય લેવાતો નથી.

ધ્રુવમાં આખું સામર્થ્ય છે. ઉત્પાદ-વ્યય પલટે છે તે પણ દ્રવ્યનું સ્વરૂપ છે; પરંતુ તે પલટ્યા કરે છે તેથી તેનો-પલટનારનો-આશ્રય લેવાય નહિ, શાશ્વત ધ્રુવનો જ આશ્રય લેવાય. શાશ્વત ધ્રુવ છે તે અનંતગુણથી–અનંત શક્તિઓથી–ભરેલો છે. શાશ્વત ધ્રુવ છે તે ખાલી એકલું નથી. અનંતગુણ-શક્તિથી ભરેલો ધ્રુવ છે. અને તેને લક્ષમાં લીધો એટલે બીજું કાંઈ બાકી રહી જતું નથી. તેના આશ્રયમાં બધું આવી જાય છે. પર્યાય કાંઈ આશ્રય લેવા યોગ્ય નથી, તેનું વેદન થાય છે. દ્રવ્યના આશ્રયમાં પર્યાય આવતી જ નથી, જે શાશ્વત ધ્રુવ છે તે જ આશ્રયમાં આવે છે. અને શાશ્વત ધ્રુવ આશ્રયમાં આવ્યું તેમાં બધું આવી જાય છે. કાંઈ બાકી રહેતું નથી. શાશ્વત છે તેનો આશ્રય લેવાથી રાગ નથી થતો, ઊલટો રાગ છૂટે છે.

**પ્રશ્ન :—** *રુચિ કેમ થાય ?*

**સમાધાન :—** રુચિ પોતાથી થાય છે, કોઈ કરી દેતું નથી. રુચિ પોતાને અંદરથી લાગવી જોઈએ. ગુરુદેવે આવી વાણી વરસાવી, હવે રુચિ કરવી તે પોતાના હાથની વાત છે. ગુરુદેવે કહ્યું, આત્મા કોઈ અપૂર્વ-અનુપમ છે. આત્મામાં બધું છે તે અમુક વિચાર કરીને નક્કી કરી રુચિ જગાડવી. રુચિ અનુયાયી વીર્ય. પોતાના આત્માના જ પ્રયોજનવાળી સાચી રુચિ હોય તો જ્ઞાન તેમાં સાચું કામ કરે છે. રુચિ એવી લાગે કે ક્યાંય રોકાય નહિ એવી તીક્ષ્ણ રુચિ હોવી જોઈએ.

આવે છે ને ? કે ''હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે'' તેના જેવી આત્માની રુચિ થવી જોઈએ કે જ્યાં જોઉં ત્યાં મને આત્મા જ સાંભરે, હાલું-ચાલું તો આત્મા જ સાંભરે. મારો આત્મા કેમ પ્રગટ થાય ? એમ મને બધાં કાર્યોમાં આત્મા સાંભરે. 'હું તો ભોજન કરું ને પ્રભુ સાંભરે રે' તેમ મને દરેક સમયે આત્મા સાંભરે, 'દાતણ

કરું ને પ્રભુ સાંભરે રે' એવી આત્માની રુચિ અને લગની લાગે તો અંદરથી આત્મા પ્રગટ થવાનો અવકાશ આવે.

આત્માની રુચિ એવી લાગવી જોઈએ કે ક્યાંય રસ લાગે નહિ ને બધેથી રસ તૂટી જાય. 'હું નીંદર કરું ને પ્રભુ સાંભરે રે' એમ હું નીંદર કરું ને મને આત્મા સાંભરે તેવી રીતે દરેક કાર્યમાં મને આત્મા સાંભરે. આત્મા કેમ પ્રગટ થાય? તેવી અંદરથી લગની લાગે તો આત્મા અંદરથી પ્રગટ થાય; પણ તેને ક્ષણે ક્ષણે એવી રુચિ અને લગની જોઈએ.

**પ્રશ્ન :—** *પરમાર્થ પ્રાપ્ત થવા વિષે કોઈ પ્રકારનું આકુળ-વ્યાકુળપણું થવું તેને શ્રીમદ્જીએ દર્શન પરીષહ કહ્યો છે. તો તેમાં તેઓ શું કહેવા માંગે છે?*

**સમાધાન :—** પરમાર્થની પ્રાપ્તિ માટે ખોટી આકુળતા થાય તે દર્શન પરીષહ છે. આત્માર્થી ખોટી ઉતાવળ ન કરે પણ તેમાં ધીરજ જોઈએ. ધીરજ રાખે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. આત્મા કેમ પ્રાપ્ત થાય? કેમ કરું? હજુ કેમ પ્રગટ થતો નથી? એવી બધી આકુળતા થાય તે એક જાતનો પરીષહ છે. તેમાં દર્શનમોહનું નિમિત્ત છે અને કાર્ય ન થવામાં ઉપાદાન કારણ પોતાનું છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ કેવી રીતે ગ્રહણ થાય? રાગથી કેમ છૂટો પડું? ભેદજ્ઞાન કેમ થાય? પ્રજ્ઞાછીણીથી સૂક્ષ્મ થઈને અંદરમાં જ્ઞાનને કેમ ગ્રહણ કરાય? આટલો ટાઈમ થયો તો કેમ થતું નથી? એવી બધી અંદરમાં આકુળતા થાય, છતાં તેમાં શાંતિ રાખે કે મારી ભાવના છે તો થવાનું જ છે. પ્રયત્ન ચાલુ જ રાખે ને ધીરજથી માર્ગને ઓળખવાનો પ્રયત્ન કરે. આત્માનો સ્વભાવ શું છે? જ્ઞાયક શું છે? જ્ઞાન તે જ હું છું, આ બધો રાગ છે તે મારો સ્વભાવ નથી. તે વેદન જુદી જાતનું છે અને જ્ઞાનનો જે જાણવાનો સ્વભાવ છે તે જાત જુદી છે. એમ લક્ષણથી રાગને ભિન્ન ઓળખ્યા કરે અને જ્ઞાનને ગ્રહણ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે અને દર્શનમોહ ચાલ્યો જાય છે. પરંતુ તેને ધીરજ હોવી જોઈએ. જો આકુળતા-ઉતાવળ કરે તો કાર્ય ન થાય. ગમે તેટલો ટાઈમ જાય તો પણ વારંવાર પ્રયત્ન કર્યા જ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ થાય છે. પહેલાં આકુળતા તો થાય, પણ શાંતિ રાખવી જોઈએ.

મુમુક્ષુ :—ઉતાવળ કરવા જઈએ તો બીજે આડે-અવળે રસ્તે ચઢી જઈએ?

બહેનશ્રી :—હા, ઉતાવળ કરવાથી થાય નહિ, આડે-અવળે રસ્તે ચઢી જાય. ઉતાવળ કરવા જાય તો સ્વભાવ ગ્રહણ થતો નથી. સ્વભાવ તો ધીરજથી જ ગ્રહણ થાય છે. પોતે શાંતિથી અંદર સૂક્ષ્મ થઈને જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરે તો તે પકડાય

તેવો છે. ઉતાવળ કરે તો કાંઈકનું કાંઈક પકડાઈ જાય–ખોટું પકડાઈ જાય, ખોટો સંતોષ માની લે. કાર્ય નથી થતું માટે (ખોટી) ઉતાવળ કરે તો ખોટું થઈ જાય.

ખરો જિજ્ઞાસુ અને ખરો આત્માર્થી હોય તેને સાચું ન આવે ત્યાં સુધી સંતોષ થાય જ નહિ. તેનો આત્મા જ કહી દે કે આ કાંઈ અંદરથી શાંતિ આવતી નથી, માટે આ યથાર્થ નથી અને યથાર્થ હોય તેને અંદરથી જ શાંતિ આવે. ઉતાવળ કરવાથી ખોટું થાય છે, ખોટું ગ્રહણ થઈ જાય છે, ક્યાંક ને ક્યાંક પ્રશસ્ત રાગમાં રોકાઈ જાય છે. સૂક્ષ્મ રાગ પકડાતો નથી, અને અંદર શુભ રાગને છૂટો પાડી શકતો નથી કે સૂક્ષ્મ થઈને જ્ઞાનને ગ્રહણ કરી શકતો નથી. વારંવાર ભાવનાના વિકલ્પ આવે તેનાથી પણ જ્ઞાયક જુદો છે, તેમ અંદરથી યથાર્થ ગ્રહણ થવું જોઈએ. તે થઈ શકતું ન હોય ને ખોટી ઉતાવળ કરીને કોઈ પરમાર્થને ગ્રહણ કરવા માટે ધ્યાન કરે, પણ તેવા ધ્યાનમાં યથાર્થ ગ્રહણ થતું નથી. તે ધ્યાનમાં વિકલ્પ શાંત થઈ જાય તેથી એમ લાગે કે જાણે વિકલ્પ છે જ નહિ. પરંતુ વિકલ્પ હોય છે છતાં તે નથી એમ ઉતાવળથી માની લે તો ખોટું થઈ જાય છે.

મુમુક્ષુ :—સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેને પ્રાપ્ત કરવાની આકુળતા તો સ્વભાવિક થાય; છતાં પણ તેને દર્શન પરીષહ કહ્યો? તેમ જ ધીરજ રાખવામાં શું પ્રમાદ ન થઈ જાય?

બહેનશ્રી :—આત્માર્થીને પ્રમાદ થાય નહિ. આ પ્રમાદ છે કે ધીરજ છે તે તેને પકડવું જોઈએ. ધીરજ અને પ્રમાદમાં ફેર છે. યથાર્થ પકડાય નહિ ત્યાં સુધી શાંતિ રાખે તે પ્રમાદ નથી. યથાર્થ આત્માર્થી છે તેને સાચું ગ્રહણ થાય છે કે આ પ્રમાદ છે કે ધીરજ છે. સમ્યગ્દર્શન માટે ખોટી આકુળતા કરવી તેને અપેક્ષાએ દર્શન-પરીષહ કહ્યો છે. યથાર્થ રીતે તો સમ્યગ્દર્શન, ચારિત્ર થયા પછી બધા પરીષહ લાગુ પડે છે; પણ આ તેને સમ્યગ્દર્શન નથી થયું, પરમાર્થની પ્રાપ્તિ નથી થઈ તો પણ અપેક્ષાએ દર્શન પરીષહ કીધું છે.

કોઈ ખોટી શંકા અને કુતર્કો કરતો હોય તો પણ સમ્યગ્દૃષ્ટિ ડગતો નથી. તેને નિ:શંકગુણ એવો પ્રગટ થઈ ગયો છે કે પોતે પોતાની શ્રદ્ધાથી ડગતો નથી. આખું બ્રહ્માંડ ખળભળી જાય એવા કે ગમે તેવા બીજા પરીષહો આવે તેમ જ ન્યાય-યુક્તિ આવે તો પણ પોતે જે જ્ઞાયક સ્વભાવ ગ્રહણ કર્યો છે તે જ્ઞાયકમાં નિ:શંક રહે છે, તેમાં તેને શંકા પડતી નથી. આવા પરીષહો સમ્યગ્દૃષ્ટિને હોય છે.

જેને પરમાર્થની પ્રાપ્તિ નથી થઈ તે આત્માર્થીને પણ પરીષહ કહ્યો છે, તે

અપેક્ષાએ છે. સમકિત પ્રાપ્ત નથી થતું અને આકુળતા થાય છે તે અપેક્ષાએ તે જાતનો પરીષહ કહ્યો છે. ભાવના યથાર્થ છે અને પ્રગટ થતું નથી તેમાં (દર્શનમોહ) કર્મ નિમિત્ત કારણ છે અને કર્મમાં પોતે જોડાયેલો છે. આ રીતે પોતે ગ્રહણ કરવા માંગે છે અને ગ્રહણ થતું નથી, માટે તેને દર્શન પરીષહ કહ્યો છે. કોઈ વિકલ્પો–કોઈ શંકાઓ–કોઈ તર્કો વચ્ચે વચ્ચે પોતાને રોકતા હોય તે બધા અંદરના પરીષહો છે. સ્વરૂપ નક્કી કરે ત્યાં વચ્ચે કોઈ શંકાઓ ઉત્પન્ન થાય, શંકામાં વળી શંકા પડી જાય એમ પરમાર્થને ગ્રહણ કરવામાં અંદર પોતાના પરિણામમાં અનેક જાતની મુશ્કેલીઓ ઊભી થાય તેને દર્શન પરિષહ કહ્યો છે. તો પણ ધીરજથી તે બધામાંથી પસાર થઈ પોતે નિ:શંકપણે ચૈતન્યને ગ્રહણ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે.

મુમુક્ષુ :—સ્વભાવ પ્રાપ્તિની પણ બહુ આકુળતા કરવા જેવી નથી ?

બહેનશ્રી :—બહુ આકુળતા કરવાથી તેને ધીરજ નથી રહેતી (ધીરજ ખોઈ બેસે છે) અને તેથી ક્યાંક ને ક્યાંક શાંતિ મનાઈ જાય એવું તેને થઈ જાય છે. આ જ્ઞાતા જ છે એમ સહજપણે જ્ઞાયકને ગ્રહણ કરવાને બદલે ઉતાવળથી કૃત્રિમતા થતાં ધ્યાન કરવા બેસે ત્યારે વિકલ્પ મને દેખાતા જ નથી; હવે મને સમકિત થઈ ગયું એમ તેને થઈ જાય છે અર્થાત્ ખોટી રીતે મનાઈ જાય, એવું તેને થઈ જાય છે. મારા વિકલ્પ શાંત થઈ ગયા છે એવો ભ્રમ ઉતાવળને લઈને તેને થઈ જાય છે.

જેને ગુરુદેવે અને શાસ્ત્રોએ જ્ઞાયક કહ્યો છે તે આ જ્ઞાયક જ હું છું, બીજું કાંઈ હું છું જ નહિ.–આમ જેને અંતરમાંથી સહજપણે ગ્રહણ થાય છે તેનું હૃદય જ–તેનો આત્મા જ–નિ:શંકપણે ને સહજપણે અંદરથી કહેતો હોય છે કે આ જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ છે જ નહિ. તેને કોઈને પૂછવા જવું પડતું નથી, પણ તેનું હૃદય જ સહજપણે કહેતું હોય છે કે આ જ જ્ઞાયક છે, આ જ સ્વાનુભૂતિ છે અને આ જ ભગવાને અને ગુરુએ કીધેલો માર્ગ છે. આમ તેને અંતરમાંથી સહજપણે આવે છે, તેને કોઈને પૂછીને નક્કી કરવું પડે એવું હોતું નથી. અંદરથી તેની દૃઢતા જુદી જાતની આવે છે.

મુમુક્ષુ :—આમાં ઘણું સમજવા જેવું છે ?

બહેનશ્રી :—ઘણા ધ્યાન કરવા બેસે અને પછી તેમાં પ્રકાશ જેવું દેખાય ને કાંઈક શાંતિ લાગે એટલે કહે કે ધ્યાન થઈ ગયું. આવી કાંઈક-કાંઈક કલ્પનાઓ થાય છે; પણ તેમાં બહારનું દેખવાનું કાંઈ નથી કેમ કે પોતે જ છે. અંદરની શાંતિ પ્રગટે અને વિકલ્પથી છૂટો પડે તે, પોતાનો આત્મા જ તેને કહી દે છે, સ્વાનુભૂતિ જ કહી દે છે. અંદરથી ન્યારા પડેલા આત્માની નિ:શંકતા અને દૃઢતા જુદી જ આવે છે.

અંતર એકાગ્રતાપૂર્વક પોતાનું અસ્તિત્વ ગ્રહણ થયા વગર અને વિભાવ તરફની નાસ્તિ થયા વગર અર્થાત્ ભેદજ્ઞાન થયા વગર એમ ને એમ સાચું ધ્યાન થઈ શકતું નથી. માત્ર તેના વિકલ્પ ડામાડોળ હોય તે શાંત થાય છે, ઓછા થઈ જાય છે. અંદરથી જુદો પડીને સ્વભાવની અસ્તિ ગ્રહણ કરે અને વિભાવનું ભેદજ્ઞાન થાય એટલે કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય અને તેની સાથે ભેદજ્ઞાન થાય—બંને સાથે હોય તો ધ્યાનની એકાગ્રતા સાચી થાય છે. પોતાના સ્વભાવનું અસ્તિત્વ ગ્રહણ કરતાં તેનું ધ્યાન, તેની લીનતા, અને તેમાં ઢળવાનું થાય છે. ઉપયોગને અંદર પોતા તરફ વાળે તો તેને વિકલ્પ શાંત થાય છે. તેનો માર્ગ એક ભેદજ્ઞાન છે, અને તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે અને વિભાવથી નાસ્તિ થાય તો થાય છે.

**પ્રશ્ન :—** *જ્ઞાનીનું જ્ઞાન નિર્વિકલ્પપણે કામ કરે છે?*

**સમાધાન :—** જેમ શ્રદ્ધા કામ કરે છે તેમ જ્ઞાન પણ સહજ કામ કરે છે. તેને વિકલ્પ ઉઠાવવો પડતો નથી. શ્રદ્ધા પણ એમ જ કામ કરે છે અને જ્ઞાનધારા પણ એવી નિર્વિકલ્પપણે કામ કરે છે. નિર્વિકલ્પ એટલે સ્વાનુભૂતિની જે નિર્વિકલ્પતા તે નહિ, પણ તેની પરિણતિ તે જાતની થઈ જાય છે. એટલે કે તેને રાગનો વિકલ્પ કરી-કરીને જ્ઞાતાપણે રહેવું પડે તેમ નથી, પણ સહજ પરિણતિ છે. જેમ એકત્વબુદ્ધિની પરિણતિ સહજ છે, તેને કાંઈ વિકલ્પ કરીને રાખવી પડતી નથી; તેમ જ્ઞાનીને પણ પોતાનો સ્વભાવ છે એટલે જ્ઞાતાપણું સહજ રહે છે.

**પ્રશ્ન :—** *પંચમકાળમાં આવા ગુરુ મળવા મુશ્કેલ છે મહાભાગ્ય કે આવા ગુરુ મળીગયા.*

**સમાધાન :—** પંચમકાળમાં સાચા ગુરુ મળવા જ મુશ્કેલ છે. તેમાં વળી આવી રીતે સમજાવનારા ગુરુ મળવા બહુ મુશ્કેલ છે. એકની એક વાત વારંવાર કેટલી વાર સમજાવતા! આવા ગુરુ મળવા બહુ મુશ્કેલ છે. શાસ્ત્રમાં આવે છે ને? કે ધોબીને ત્યાંથી વસ્ત્ર લાવીને ઓઢીને સૂઈ ગયો. તેને વારંવાર કહે કે આ વસ્ત્ર મારું છે, મને આપી દે, મને આપી દે, આ મારું છે—એમ વારંવાર, વારંવાર કહે ત્યારે તેને ઘડ બેસે કે સાચેસાચ આ વસ્ત્ર મારું નથી. તેમ ગુરુદેવ વારંવાર કહેતા કે આ જ્ઞાયક આત્મા તું છે, શરીર તું નથી, વિભાવ તું નથી. તું આત્મા, જ્ઞાતા છો, તું કર્તા નહિ. આ શરીર તારું નથી, શરીર તું નથી. આમ કેટલીયે વાર કહે ત્યારે ઘડ બેસે. ગુરુદેવે કેટલાં વર્ષો સુધી કહ્યું, વારંવાર કહ્યું. આવો ઉપદેશ દેનારા ગુરુ શિષ્યોને મહાભાગ્યે મળે છે.

આચાર્યદેવ કહે છે કે જીવ મોહમાં ટકે છે તે આશ્ચર્ય છે. મોહમાં તું કેમ રહે છે? મોહ વગરનો આત્મા મોહમાં ઊભો છે, એ આશ્ચર્ય છે.

**પ્રશ્ન :—** *શ્રદ્ધા અને ચારિત્ર એ બંને ગુણોનું પરિણમન સ્વતંત્ર છે એમ કહીને શું કહેવું છે ?*

**સમાધાન :—** એમ કહેવું છે કે તું શ્રદ્ધા તો યથાર્થ કર. પછી આચરણ તારા પુરુષાર્થ પ્રમાણે થશે. પ્રથમ શ્રદ્ધા સાચી કર, શ્રદ્ધા થયા ભેગું આચરણ થઈ જતું નથી. શ્રદ્ધા એ મુક્તિનો માર્ગ છે, શ્રદ્ધા વગર કાંઈ થઈ શકતું નથી. માટે મુખ્ય તો શ્રદ્ધા છે. જેવી શ્રદ્ધા હોય તે પ્રમાણે આચરણ થયા વિના રહેતું નથી. તેથી શાસ્ત્રમાં આવે છે કે બની શકે તો ધ્યાનમય પ્રતિક્રમણ કરજે, જો તે ન બની શકે તો શ્રદ્ધા તો બરાબર કરજે. શ્રદ્ધામાં આડું-અવળું કરીશ નહિ, કે મારાથી થઈ શકતું નથી માટે માર્ગ આવો ન હોય. મુનિની જે ધ્યાનદશા શાસ્ત્રમાં કહી છે તે મારાથી થઈ શકતી નથી, માટે મુનિમાર્ગ આવો ન હોય, કાંઈક બીજો જ હોય એમ તું શ્રદ્ધામાં ભૂલ કરીશ નહિ, શ્રદ્ધા તો બરાબર કરજે. મુનિદશા ન થઈ શકે તો કબૂલ કરજે કે મારા પુરુષાર્થની ખામી છે, પણ માર્ગ તો આ જ છે. શ્રદ્ધામાં બરાબર લેજે કે માર્ગ તો આ જ છે. જે અંદર ૬ઠ્ઠા–૭મા ગુણસ્થાને હોય, વારંવાર નિર્વિકલ્પદશામાં ઝૂલતા હોય તેમને વ્યવહાર પણ આવો પંચમહાવ્રતાદિનો હોય છે. માટે તેમનો નિશ્ચય-વ્યવહાર જેમ છે તેમ નક્કી કરજે, શ્રદ્ધા બરાબર કરજે. આ પંચમકાળ છે માટે થોડું આમ હોય અને થોડું આમ હોય એમ ન માનીશ, શ્રદ્ધા બરાબર કરજે. એવી દશા ન બની શકે તો તે તારા પુરુષાર્થની મંદતા છે, પણ માર્ગ તો આ જ છે. જે બધા મુક્તિને પામ્યા છે તે આ માર્ગે જ પામ્યા છે. સમ્યગ્દર્શન-સ્વાનુભૂતિ થતાં ભેદજ્ઞાનની ધારા પ્રગટે કે હું જ્ઞાયક જુદો છું અને આ શુભાશુભ ભાવ હેય છે. એવી તેની જ્ઞાયકની ધારા હોય છે, વસ્તુસ્વભાવ એવો છે. પણ તે ન બની શકે તો, થોડું આવું પણ હોય અને થોડું આવું પણ હોય—એવો માર્ગ હોય—એવી કલ્પના ન કરીશ, શ્રદ્ધા બરાબર કરજે. શ્રદ્ધાગુણ અને ચારિત્રગુણ બંને જુદા છે. તેથી ચારિત્ર ન બની શકે તો તું નાસીપાસ થઈ શ્રદ્ધામાં ફેરફાર કરીશ નહિ. અંદર પરિણતિરૂપે જો સ્વાનુભૂતિદશા ન આવે તો પ્રયત્ન કરજે, પણ સ્વાનુભૂતિ કોઈ વસ્તુ નથી, એમ માનીશ નહિ. માર્ગ તો જે છે તે જ છે. ન બની શકતું હોય તો તું શ્રદ્ધા બરાબર કરજે, પ્રયત્ન કરજે.

# શુદ્ધાત્મ–અવલોકન जाण अलिंगग्गहणम्।

(શ્રી સમયસાર ગાથા–૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

(તા. ૨૩-૧-૭૮)

આ અવ્યક્તના બોલ ચાલે છે. અવ્યક્તનો એવો અર્થ છે કે પર્યાયથી ભિન્ન જે વસ્તુ છે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. આ અવ્યક્ત શુદ્ધ છે, તે જ આદરણીય અને ઉપાદેય છે. પોતાની જ્ઞાનની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન એક સાથે થવા છતાં પર્યાયને–વ્યક્તને તે દ્રવ્ય સ્પર્શતું–અડતું નથી તેને અવ્યક્ત કહેવામાં આવે છે. ભગવાન આત્મા નિત્યાનંદપ્રભુ જે ત્રિકાળ વસ્તુસ્વરૂપ છે તેને અહીં અવ્યક્ત કહેવામાં આવ્યો છે. અવ્યક્ત જાણવામાં આવે છે નિર્મળ પર્યાયમાં, કે જે પર્યાય વ્યક્ત છે, બાહ્ય છે પણ તેને ત્રિકાળ દ્રવ્ય સ્પર્શતું નથી–અડતું નથી, છતાં વ્યક્તમાં–પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યનો અનુભવ આવ્યા વિના રહેતો નથી. દ્રવ્યના અનુભવને ધ્રુવનો અનુભવ પણ કહેવામાં આવે છે. અનુભવ તો ખરેખર પર્યાયમાં થાય છે પણ અનાદિથી પર તરફના લક્ષથી રાગનો અનુભવ કરે છે તે પર્યાયને અંતર્મુખ કરવાથી ધ્રુવનો અનુભવ કરે છે એમ કહેવામાં આવે છે.

ભાઈ ! સૂક્ષ્મ વાત છે, અંતરની સમ્યગ્દર્શન વાત શું છે ? સમ્યગ્દર્શનનો વિષય શું છે ? તે કદી સાંભળ્યું નથી, કદી કર્યું નથી. બહારની સંસારની માથાકૂટ જ અત્યાર સુધી કરી છે. આખી જિંદગી કમાવામાં–રળવામાં જાય કે જેમાં એકલું પાપ જ છે. સ્ત્રી, પુત્ર, પૈસાદિમાં એકલું પાપ જ છે. કદાચ બહારથી નિવૃત્તિ લઈને દયા, દાન, વ્રત, ભક્તિમાં આવે છે તો તે પણ પુણ્ય છે, કાંઈ આત્માનો ધર્મ નથી. ધર્મ તો અલૌકિક ચીજ છે, એક સમય પણ તે કર્યો નથી.

અહીં કહે છે કે એક સમયમાં પૂર્ણાનંદનો નાથ, ચૈતન્ય ભગવત્સ્વરૂપ ભગવાન પડ્યો છે તેની પર્યાયમાં તેનું દ્રવ્યનું જ્ઞાન આવે છે અને તે પર્યાયનું પણ જ્ઞાન આવે છે છતાં તે દ્રવ્યવસ્તુ જ્ઞાનની પર્યાયમાં આવતી નથી અને તે દ્રવ્યવસ્તુ તે જ્ઞાનની પર્યાયને સ્પર્શતી નથી. ન્યાયશાસ્ત્રોમાં પણ આવે છે કે ધર્મી એટલે કે દ્રવ્ય અને ધર્મ એટલે કે પર્યાય–બન્ને વસ્તુ ભિન્ન છે, બન્ને એક વસ્તુ નથી. ભાઈ ! એકવાર આ વાત તો સાંભળ ! વસ્તુ જે અંદર પડી છે તે બાહ્ય લક્ષ્મી, શરીર, મન, વાણીથી તો ભિન્ન છે જ, તેનાથી તો જાણવામાં આવતી નથી પણ જેની કિંમત કરવી છે તે અમૂલ્ય ચીજ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી પણ જણાય તેવી નથી પણ તે રાગથી ભિન્ન થઈને પોતાની પર્યાયમાં જે સ્વ–પર પ્રકાશક શક્તિ છે તે જ્ઞાયક ઉપર લક્ષ

કરે તો તે પર્યાયમાં જ્ઞેયવસ્તુ જણાય છે. પણ દૃષ્ટિ પર્યાય ઉપર, રાગ ઉપર હોવાથી, જ્ઞાનની એક સમયની પર્યાયમાં આખા જ્ઞાયકનું જ જ્ઞાન થતું હોવા છતાં ભ્રમથી પરનું જ્ઞાન કરું છું એમ માને છે તે ભ્રમ છે. આવી સ્વ–પરપ્રકાશક શક્તિ આબાળગોપાળ બધાને છે. આબાળગોપાળ એટલે કે ફક્ત ક્ષયોપશમવાળા મનુષ્ય જ નહિ પણ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય, નારકી, પશુ બધાં પ્રાણીને એવી સ્વ-પરપ્રકાશક શક્તિ છે. અતીન્દ્રિય અનંત ગુણનો પિંડ, ભગવાન સ્વરૂપ, પરમાત્મસ્વરૂપ જ શક્તિરૂપે છે તેને અહીં અવ્યક્ત કહે છે તેના પાંચ બોલ તો થયા, આજે હવે છઠ્ઠો બોલ લેવાય છે:—

**પોતે પોતાથી જ બાહ્ય—અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે માટે અવ્યક્ત છે. ૬.**

‘‘પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ’’, આવા જ શબ્દો પ્રકાશશક્તિમાં લીધા છે: ‘‘સ્વયં પ્રકાશમાન વિશદ (–સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (–સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.’’ આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિઓ, ગુણો છે, એમાંથી શ્રી સમયસારમાં ૪૭ શક્તિઓ વર્ણવી છે તેમાં એક પ્રકાશશક્તિ નામનો ૧૨ મો ગુણ વર્ણવ્યો છે. ત્યાં એ શક્તિનો એવો સ્વભાવ છે કે પોતાનું પ્રત્યક્ષ સ્વસંવેદન પોતાથી થાય છે. અવ્યક્તના બોલમાં ‘સ્પષ્ટ’ શબ્દ લીધો છે ને પ્રકાશશક્તિમાં પણ ‘વિશદ–સ્પષ્ટ’ શબ્દ લીધો છે. ભગવાન આત્મા અંતરમાં એવી ચીજ છે કે સ્વયં–જેમાં રાગ કે નિમિત્તની અપેક્ષા નથી, વ્રત, તપ, ભક્તિ, પૂજાના બધા ભાવ રાગ છે, વિકલ્પ છે; તેનાથી આત્મા જણાતો નથી. સ્વયં શબ્દમાં એમ કહેવું છે કે પોતાનો અંતરસ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે. મૂળ તો સ્પષ્ટ કહો, ‘સ્ફૂટ’ કહો, કે ‘પ્રત્યક્ષ’ કહો; ખરેખર તો એક જ વાત છે.

ધર્મની પહેલી શ્રેણીમાં સમ્યગ્દર્શનના કાળમાં મતિ અને શ્રુતજ્ઞાનમાં ભગવાન આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે કે જે સ્વયં પ્રકાશમાન છે, વિશદ–સ્પષ્ટ એવી સ્વસંવેદનમય–સ્વાનુભવમય પ્રકાશશક્તિરૂપ છે. જેમ આત્મામાં જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જાનન, જાનન, જાનન ગુણ છે તેમ પ્રકાશ, પ્રકાશ, પ્રકાશગુણ ત્રિકાળ છે. એ ગુણનો સ્વભાવ સ્વસંવેદન–પોતાથી વેદન થાય એવો છે, તેને દયા, દાન, વ્રત, વ્યવહારની કોઈ અપેક્ષા જ નથી. ધર્મની પહેલી સીડી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે તેમાં આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. સ્વ=સ્વથી, સં=પ્રત્યક્ષ, એટલે કે પોતે પોતાથી પ્રત્યક્ષ વેદન કરે, એવો પ્રકાશ નામનો ગુણ આત્મામાં છે, પણ એ ગુણની પ્રતીતિ તો જ્યારે દ્રવ્યની પ્રતીતિ થાય છે ત્યારે થાય છે. અવ્યક્ત કહો, સામાન્ય કહો, દ્રવ્ય કહો, નિત્ય કહો, એકરૂપ

કહો કે અભેદ કહો તેની પ્રતીતિ ક્યારે થાય છે?—કે અનંત અનંત શક્તિનો પિંડ જે અવ્યક્ત છે તેમાં ઉપાદેયતા આવી ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં તેની પ્રતીતિ આવે છે. ત્યારે ધર્મની શરૂઆત થાય છે. આવી ધર્મની વાત ઝીણી પડે અને લોકોને ઉપદેશમાં એવું મળ્યું હોય કે વ્રત કરો, તપસ્યા કરો, ભક્તિ-પૂજા કરો, મંદિર બનાવો-તેનાથી ધર્મ થશે-તે સહેલું લાગે છે. તેને કહે છે કે એનાથી ધર્મ તો થતો જ નથી પણ જો તેમાં રાગની મંદતા કરી હોય તો પુણ્ય થાય છે, પણ એ પુણ્યથી આત્મા અનુભવમાં આવે છે-એમ તો બનતું જ નથી.

પોતાના અનુભવથી જાણવામાં આવે છે એવી શક્તિઓ અંદર પડી છે પણ એ શક્તિઓ જો પ્રતીતિમાં લે તો શક્તિઓ જણાય છે. પણ તેનો વિશ્વાસ-ભરોસો નથી. વર્તમાન એક સમયની પર્યાયનો અને દયા, દાન, રાગનો વિશ્વાસ છે, તેના ઉપર જ જોર છે. એ તો પર્યાયબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ, મિથ્યાદૃષ્ટિ છે. શ્રી સમયસારની ગાથા ૧૭।૧૮માં પણ કહ્યું છે કે પોતાની પર્યાયમાં, જ્ઞાનની પર્યાયનો સ્વ-પરપ્રકાશક ગુણ હોવાથી પર્યાયમાં સ્વયં આત્મા જ જાણવામાં આવે છે, એવું હોવા છતાં રાગને વશ થઈને, પર્યાયમાં જ્ઞાયક જાણવામાં આવતો હોવા છતાં તેને જાણતો નથી.-આવી અપૂર્વ વાત છે જે તેણે સાંભળી નથી. ધર્મનો માર્ગ બહુ જુદો છે. હજી આ તો પહેલાં ધર્મની શરૂઆતની વાત છે, પછી ચારિત્ર અને કેવળજ્ઞાન એ તો બહુ અલૌકિક વાત છે. અહીં તો પ્રથમ પ્રકાશશક્તિની પ્રતીતિ ક્યારે થાય છે?—કે જ્યારે આખા આત્માની પ્રતીતિ થાય છે ત્યારે તે પ્રકાશશક્તિની પ્રતીતિ થાય છે. આખો આત્મા અનંત ગુણનો પિંડ છે તેમાં એક પ્રકાશશક્તિ નામનો ગુણ છે તેથી સ્વસંવેદનથી જ આત્મા જાણવામાં આવે છે અને તેને અવ્યક્ત કહેવામાં આવે છે. જે જાણવામાં આવે છે તે અવ્યક્ત છે અને જેમાં જાણવામાં આવ્યું તે પર્યાય વ્યક્ત છે.

અહીં સ્વયં—પોતાથી જ પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાનમય નિર્મળ પર્યાય હોય છે, તે સમયે સ્વયં પોતાથી જ બાહ્ય અભ્યંતર સ્પષ્ટ અનુભવમાં આવી રહ્યો છે. અહીં બાહ્ય એટલે કે વ્યક્ત પર્યાય અને અભ્યંતર એટલે અવ્યક્ત દ્રવ્ય એમ લીધું છે. ભાઈ! સમજાય એટલું સમજવું, આ તો અલૌકિક માર્ગ છે. જૈનદર્શન કોઈ અલૌકિક ચીજ છે. વસ્તુનું સ્વરૂપ એટલે જૈનદર્શન, અને જૈનદર્શન એટલે વસ્તુનું સ્વરૂપ, જૈનદર્શન એ કોઈ સંપ્રદાય નથી. એ તો જેવી વસ્તુ છે એવી ભગવાને જાણી અને જાણી એવી કહેવામાં આવી છે.

હવે સ્વયં પોતાથી જ એમ કહેતાં કોઈ કહે કે આમાં તો પોતાથી જ; 'જ' કહેતાં એકાંત થઈ જાય છે; કથંચિત્ પરથી અને કથંચિત્ પોતાથી એમ કહે તો

અનેકાંત રહે છે; તો તેને કહે છે કે ભાઈ ! આ જ સમ્યક્ એકાંત છે, પોતાથી જ થાય છે અને પરથી કિંચિત્ થતું નથી તેમાં જ અનેકાંત રહે છે. સ્વયમેવ જ નિર્મળાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ, એ અતીન્દ્રિય આનંદની પર્યાય અને મતિ–શ્રુતજ્ઞાનની પર્યાય દ્વારા–નિર્મળ પર્યાયદ્વારા અનુભવમાં આવે છે. બાહ્ય પર્યાયદ્વારા નહીં, બહારની ચીજની અહીં વાત જ નથી. શ્રી નિયમસાર શાસ્ત્રમાં શુદ્ધભાવ અધિકારની ગાથા ૩૮ માં "जीवादि बहित्तच्चं हेयम्" જીવની જે નિર્મળ પર્યાય છે તેને અહીં બાહ્ય કહી છે, બાહ્ય કહીને તેને હેય કહી છે. રાગાદિ તો હેય છે જ પણ જીવની નિર્મળ પર્યાયને બાહ્ય કહીને હેય કહી છે. પર્યાય એ વ્યવહારજીવ છે, અભૂતાર્થ છે; દ્રવ્ય એ ભૂતાર્થ છે. ભૂતાર્થને અહીં અવ્યક્ત કહ્યો છે અને પર્યાય અભૂતાર્થને અહીં વ્યક્ત કહી છે.

શ્રી સમયસાર ગાથા ૧૭–૧૮મા કહ્યું છે કે પોતાનો ત્રિકાળી ધ્રુવ પદાર્થ વસ્તુ છે તેને જાણવો તે પર્યાયનો સ્વભાવ છે, તે પર્યાયના સ્વભાવમાં દ્રવ્ય તો જાણવામાં આવે જ છે પણ તેનું લક્ષ તે દ્રવ્ય ઉપર નથી પણ વર્તમાન અવસ્થા જે વ્યક્ત છે, બાહ્ય છે તેમાં તે પર્યાયમૂઢની રુચિ જામી ગઈ છે તેથી તે પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં કહે છે કે સ્વયં પોતાથી જ બાહ્ય અભ્યંતર સ્પષ્ટ અનુભવમાં આવે છે. દ્રવ્ય ને પર્યાય બન્ને પ્રત્યક્ષ અનુભવમાં આવી રહ્યાં છે. દ્રવ્ય તો ધ્રુવ છે તેનો તો પર્યાયમાં અનુભવ આવતો નથી એટલે કે પર્યાયમાં આખું ધ્રુવ આવી જતું નથી પણ ધ્રુવ વસ્તુ જેવી છે તેવી પર્યાયમાં અનુભવાય છે. અનાદિથી પર્યાયનો જ અનુભવ છે પણ જ્યારે પર્યાય દ્રવ્ય–ધ્રુવ તરફ ઢળી ત્યારે તેને ધ્રુવનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં બાહ્ય–અભ્યંતર સ્પષ્ટ અનુભવમાં આવી રહ્યો છે. વ્યક્ત અને અવ્યક્ત બન્ને અનુભવમાં આવી રહ્યા છે. શ્રી ચિદ્વિલાસમાં કહ્યું છે કે પર્યાય મલિન હો કે નિર્મળ, તેના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ પર્યાયના પર્યાયમાં છે, નિર્મળ, પર્યાયનો કર્તા નિર્મળ પર્યાય, નિર્મળ પર્યાયનું કાર્ય નિર્મળ પર્યાય, નિર્મળ પર્યાયનું સાધન નિર્મળ પર્યાય, નિર્મળ પર્યાયનું દાન લીધું, પર્યાય બનીને દાન દીધું તે નિર્મળ પર્યાય, પોતાથી ઉત્પન્ન થઈ તે અપાદાન અને પર્યાયને આધારે પર્યાય ઉત્પન્ન થઈ તે અધિકરણ.

શ્રી પ્રવચનસાર ગાથા ૧૦૧ માં કહ્યું છે કે ઉત્પાદ ઉત્પાદથી છે ને વ્યય વ્યયથી છે. શાસ્ત્રમાં ભિન્ન ભિન્ન ઠેકાણે ગજબ વાતો કરી છે. દિગંબર આચાર્યોએ એક એક શાસ્ત્રમાં એક એક ગાથામાં અલૌકિક વાત કરી છે, એવી વાતો બીજા કોઈ ઠેકાણે નથી. અહીં કહે છે કે બાહ્ય અભ્યંતર પ્રત્યક્ષ અનુભવમાં આવી રહ્યો છે, ભગવાન આત્મા વ્યક્ત અને અવ્યક્ત બન્નેનો અનુભવ કરે છે. આત્મા અંતરમાં સ્વ

ને પરનો અનુભવ કરે છે. અહીં પર એટલે વ્યક્ત કહેવામાં આવે છે, પર્યાયને પર કહેવાય છે, પરદ્રવ્ય પણ કહેવામાં આવે છે, નાશવાન પણ કહી છે. એક સમયની સ્થિતિવાળી–મુદતવાળી પણ કહી છે. શ્રી પ્રવચનસાર ગાથા ૧૦૬ માં કહ્યું છે સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય, સત્‌નો વિસ્તાર છે. અનંત શક્તિનો પિંડ દ્રવ્ય છે તે સત્ છે, ગુણ છે તે પણ સત્ છે અને પર્યાય પણ સત્ છે. તથા શ્રી સમયસારના બંધ અધિકારમાં કહ્યું છે કે ત્રણેય અહેતુક છે, કોઈનો હેતુ તો છે જ નહિ પણ ગુણ અને દ્રવ્ય પણ પર્યાયના હેતુ નથી. આહાહા ! આવી વાત ક્યાં છે ? સમજે નહીં ને ચોરાશીમાં રખડપટ્ટી કરીને મરી રહ્યો છે ! અહીં મોટો ચક્રવર્તી હોય–બ્રહ્મદત્ત ચક્રવર્તી ને હીરાના પલંગમાં પોઢ્યો હોય, ૧૬ હજાર દેવ તો જેની તહેનાતમાં ઊભા હોય, મરીને સાતમી નરકમાં ગયો. દેહ છૂટતાંવેંત સીધો સાતમી નરકમાં ઉપજ્યો ! અત્યારે હજી તો લગભગ ૮૫ હજાર વર્ષ ગયા છે, અસંખ્ય અબજ વર્ષનું એક પલ્યોપમ, એવા ૧૦ કરોડ ગુણ્યા ૧૦ કરોડ પલ્યોપમનું એક સાગરોપમ થાય, એવા તેત્રીસ સાગરના આયુષ્યની સ્થિતિમાં તે બ્રહ્મદત્ત ચક્રવર્તી નરકમાં પડ્યો છે; તે જ રીતે બીજા જેને સમ્યગ્દર્શન નથી કે સમ્યગ્દર્શન શું છે તેની પણ ખબર નથી તે સત્સમાગમથી દરરોજ ચાર–પાંચ કલાક સાંભળવાનું, વાંચવાનું કે વિચારવાનું કરી પુણ્ય બાંધવાનું પણ જેને નથી કે જેથી પુણ્ય બાંધે તો સ્વર્ગમાં જાય કે મનુષ્ય થાય; તેથી તે બધાને તિર્યંચમાં–ઢોરમાં જ જવાના લક્ષણ દેખાય છે. જેને ધર્મના સંસ્કાર નથી અને જેને સત્સમાગમે, વાંચન, શ્રવણ, પરિચય રોજ ચાર–પાંચ કલાક નથી તેને તો પુણ્ય પણ નથી. શ્રીમદ્ કહે છે કે આખો દિવસ ધંધાના, કુટુંબના પાપમાંથી નવરાશ મેળવી એકાદ કલાક ક્યાંક સાંભળવા જાય ત્યાં કુગુરુ લૂટી લ્યે છે.

અહીં કહે છે કે સ્પષ્ટ અનુભવમાં આવી રહ્યું છે, પર્યાય અને દ્રવ્ય સ્પષ્ટ અનુભવાઈ રહ્યાં છે. પરલક્ષી પર્યાયનો અનુભવ તો અનંતકાળથી છે, પણ પર્યાય જ્યારે દ્રવ્ય તરફ વળી–ઝુકી ત્યારે દ્રવ્યનો અનુભવ પણ છે અને પર્યાયનો અનુભવ પણ છે એમ કહેવામાં આવે છે.

તથાપિ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે. નિર્મળ પર્યાય અને ત્રિકાળી નિર્મળ ભગવાન આત્મા તેનો અનુભવ હોવા છતાં પર્યાયથી પણ ઉદાસીન છે, પર્યાયમાં એક સમય ટકે છે પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી છે. પહેલાં જે બાહ્ય કહ્યું હતું તેને અહીં વ્યક્ત કહે છે. વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રકાશમાન છે, ત્યાં રહેવાની ભાવના નથી, તેનાથી ઉદાસીન છે. તેનું આસન ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ દ્રવ્ય છે તેના ઉપર છે. પર્યાયથી ખસીને દ્રવ્ય ઉપર આસન ટકાવ્યું છે. મહેલ, મકાનમાં તો

તેનું આસન–રહેવું નથી, શરીરમાં આત્મા રહે છે એમ પણ નથી અને ધર્મી રાગમાં રહે છે એમ તો નથી તથા ધર્મી નિર્મળ પર્યાયમાં રહે છે એમ પણ નથી. આવી વાત તો સાંભળવા મળવી પણ મુશ્કેલ છે. બાકી પૈસા–ધૂળ તો બધાને ઘણી મળી છે. પરદેશમાં લોકોને પૈસા ખૂબ મળ્યા છે પણ બિચારા દુઃખી થઈ રહ્યા છે ને ધર્મ શાંતિ શોધવા નીકળ્યા છે પણ ત્યાં તેને સાંભળવા પણ ક્યાંથી મળે ?

અહીં કહે છે કે આવું હોવા છતાં પણ વ્યક્તિ–પર્યાય પ્રત્યે ઉદાસીનરૂપથી પ્રકાશમાન છે. પર્યાયમાં કાયમ રહેવું નથી, તેમાં આસન લગાવ્યું નથી. વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે ત્યાં દૃષ્ટિનું આસન છે; પર્યાયમાં રહેવું તે આસન નથી. પર્યાય થાય છે ખરી, અને બન્નેનો અનુભવ પણ છે, બન્નેનું જ્ઞાન પણ છે પણ તેનાથી ઉદાસીન છે, શું ગજબ વાત કરી છે ! શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ઉપર જ આસન લગાવ્યું છે, દૃષ્ટિનો વિષય જે ધ્રુવ છે ત્યાં જ દૃષ્ટિ પડી છે, ક્યારેય ધ્રુવ ઉપરથી દૃષ્ટિ ખસતી નથી. નિર્મળ પર્યાય અને ત્રિકાળી દ્રવ્ય–બન્નેનું જ્ઞાન અને બન્નેનો અનુભવ હોવા છતાં વ્યક્ત–બાહ્ય પર્યાય ઉપર આસન લગાવ્યું નથી, દૃષ્ટિનું આસન અવ્યક્ત ઉપર છે. વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રકાશમાન છે માટે તેને અવ્યક્ત કહેવાય છે.

એ રીતે પ્રથમ એમ કહ્યું છે કે છ દ્રવ્યથી ભિન્ન સપ્તમ્ આત્મા છે તેને અવ્યકત કહે છે, બીજામાં કષાયના જેટલા ભાવ પ્રગટ છે તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે માટે અવ્યકત છે, ત્રીજા બોલમાં ચિત્સામાન્યમાં ચૈતન્યની સમગ્ર વ્યક્તિઓ અંતર્ભૂત છે માટે અવ્યક્ત છે. આહાહા ! ભગવાન ધ્રુવસ્વરૂપ એમાં ભૂત અને ભવિષ્યની બધી પર્યાયો નિમગ્ન છે, વર્તમાન પર્યાયમાં જાણવામાં છે, તે પ્રગટ છે. વર્તમાન પર્યાયમાં જાણવું કે પૂર્વપર્યાય અને ભવિષ્યની પર્યાય બધી નિમગ્ન છે તે જાણવું પર્યાયમાં છે. ચોથા બોલમાં ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે, પાંચમા બોલમાં વ્યક્ત અને અવ્યક્ત એકમેક મિશ્રિત પ્રતિભાસવા છતાં વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે; અને છઠ્ઠો બોલ–બાહ્ય અભ્યંતર પ્રત્યક્ષ અનુભવમાં આવવા છતાં પણ વ્યક્ત–બાહ્ય પ્રત્યે ઉદાસીન છે, તેની દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર છે. ધર્મીની દૃષ્ટિનું જોર પર્યાય ઉપર નથી તેણે દ્રવ્યમાં આસન લગાવ્યું છે.—આમ છ હેતુથી અવ્યક્તને સિદ્ધ કર્યું. અવ્યક્ત કહો કે શુદ્ધ ઉપાદેય આત્મા કહો–એ આદરણીય છે, પર્યાયમાત્ર હેય છે. જે પર્યાય દ્રવ્યને આદરણીય માને છે તે પર્યાય પણ હેય છે. ત્રિકાળ જ્ઞાયકભાવનો પર્યાય આદર કરે છે તેનું નામ સમ્યગ્દર્શન–ધર્મદશા કહેવામાં આવે છે.

*

# ભદ્રબાહુ મુનિરાજની કથા

સંસારકે કલ્યાણ કરનેવાલે શ્રી જિનેન્દ્ર ભગવાનકો નમસ્કાર કર પંચમ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ મુનિકી કથા લિખી જાતી હૈ.

પુણ્ડવર્દ્ધન દેશકે કોટીપુર નગરકે રાજા પદ્મરથકે સમય વહાં સોમશર્મા પુરોહિત રહતા થા. ઉસકી સ્ત્રીકા નામ શ્રીદેવી થા. કથા-નાયક ભદ્રબાહુ ઈસીકે લડકે થે. ભદ્રબાહુ બચપનસે હી શાન્ત ઔર ગમ્ભીર પ્રકૃતિકે થે. ઉનસે ભવ્ય ચેહરેકો દેખ ઝટ કલ્પના હોને લગતી કિ યે આગે ચલકર કોઈ પ્રસિદ્ધ મહાપુરુષ હોંગે. યહ કહાવત બિલકુલ સચ્ચી હૈ કિ ''પૂતકે પગ પાલનેમેં હી નજર આ જાતે હૈં.''

જબ ભદ્રબાહુ આઠ વર્ષકે હુએ ઔર ઉનકા યજ્ઞોપવીત ઔર મૌજી બન્ધન હો ચૂકા તબ એક દિનકી બાત હૈ કિ યે અપને સાથી બાલકોંકે સાથ ગોલિયોંકા ખેલ ખેલ રહે થે. સભી અપને હાથકી સફાઈ દિખલા રહે થે. કિસીને દો, કિસીને ચાર, કિસીને છહ ઓર કિસી કિસીને આઠ ગોલિયાં તક ઊપર તલે ચઢા દીં. હમારે કથાનાયક ભદ્રબાહુ ઈન સબસે બઢકર નિકલે. ઈન્હોંને એક સાથ ચૌદહ ગોલિયાં તલે ઉપર ચઢા દીં. સબ બાલક દેખકર દંગ રહ ગયે.

ઈસી સમય એક ઘટના હુઈ. વહ યહ કિ શ્રી વર્ધમાન ભગવાનકે નિર્વાણ લાભકે બાદ હોનેવાલે પાંચ શ્રુતકેવલીયોંમેં ચૌદહપૂર્વકે જાનનેવાલે ચૌથે શ્રુતકેવલી શ્રી ગૌવર્દ્ધનાચાર્ય ગિરનારકો જાતે હુએ એક ઓર આ ગયે. ઉન્હોંને ભદ્રબાહુકે ખેલકી ચતુરાઈકો દેખ નિમિત્તજ્ઞાનસે સમઝ લિયા કિ પાંચવેં હોનેવાલે શ્રુતકેવલી યે હી હોંગે. નામ આદિ જાનનેપર ઉન્હેં ઔર ભી દૃઢ નિશ્ચય હો ગયા. વે ભદ્રબાહુકો સાથ લિયે ઉસકે ઘર પર ગયે. સોમશર્માસે ઉન્હોંને ભદ્રબાહુકો પઢાનેકે લિયે માંગા. સોમશર્માને કુછ આનાકાની ન કર લડકેકો ઉનકે સુપુર્દ કર દિયા.

ભદ્રબાહુકો અપને સ્થાનપર લાકર આચાર્યને અચ્છી તરહ પઢાયા ઔર સબ વિષયોંમેં ઉસે આદર્શ વિદ્વાન બના કર તબ ઉન્હોંને ઉસે વાપસ લૌટા દિયા જિસસે સોમશર્મા યહ ન સમઝ લે કિ મેરે લડકેકો બહકા કર ઈન્હોંને સાધુ બના લિયા. ભદ્રબાહુ ઘર ગયે સહી, પર ઉનકા મન ઘરમેં ન લગતા થા. ઉન્હોંને માતા પિતાસે અપને સાધુ હોનેકી પ્રાર્થના કી. મા-બાપકો ઉનકી ઈસ ઈચ્છાસે બડા દુઃખ હુઆ. ભદ્રબાહુને ઉન્હેં સમઝા-બુઝાકર શાન્ત કિયા ઔર આપ સબ માયા-મોહ છોડ઼ ગોવર્દ્ધનાચાર્ય દ્વારા દીક્ષા લે યોગી હો ગયે.

જસને તત્ત્વોંકા સ્વરૂપ સમઝ લિયા, વહ ફિર ગૃહસ્થ જંજાલ અપને સિરપર ક્યોં ઉઠાયેગા ? જિસને અમૃત ચખ લિયા વહ ફિર ખારા જલ ક્યોં પીયેગા ? મુનિ હોનેકે બાદ ભદ્રબાહુ અપને ગુરુ ગોવર્દ્ધનાચાર્યકી કૃપાસે ચૌદહ પૂર્વકિ ભી વિદ્વાન હો ગયે. જબ સંઘાધીશ ગોવર્દ્ધનાચાર્યકા સ્વર્ગવાસ હુઆ તો ઉનકે પટ્ટપર ભદ્રબાહુ શ્રુતકેવલી હી બૈઠે.

ફિર ભદ્રબાહુ આચાર્ય અપને સંઘકો સાથ લિએ અનેક દેશોં ઔર નગરોંમેં અપને ઉપદેશામૃત દ્વારા લોગોંમેં ધર્મ પ્રેમ બઢાતે હુએ ઉજ્જૈનકી ઓર આયે. સારે સંઘકો એક પવિત્ર સ્થાનમેં ઠહરાકર આપ આહારકે લિયે શહરમેં ગયે. જિસ ઘરમેં ઈન્હોંને પહલે હી પાંવ રખા વહાં એક અબોધ બાલક પાલનેમેં ઝૂલ રહા થા. ઈન્હેં ઘરમેં પાંવ રખતે દેખ વહ સહસા બોલ ઉઠા 'મહારાજ ! જાઈયે ! જાઈયે.' એક અબોધ બાલકકો બોલતા દેખ ભદ્રબાહુ બડે ચકિત હુએ. નિમિત્તજ્ઞાનસે બિચાર કરનેપર ઉન્હેં જાન પડા કિ વહાં બારહ વર્ષકા ભયાનક દુર્ભિક્ષ પડેગા ઔર વહ ઈતના ભીષણ રૂપ ધારણ કરેગા કિ ધર્મ કર્મ કી રક્ષા તો દૂર રહે, મનુષ્યકો અપના જાન બચાના ભી કઠિન હો જાયેગા.

ભદ્રબાહુ આચાર્ય ઉસી સમય લૌટ આએ. શામકો અપને સંઘકો ઈકઠ્ઠાકર ઉન્હોંને કહા—સાધુઓ ! યહાં બારહ વર્ષકા મહા અકાલ પડનેવાલા હૈ. ઉસ હાલતમેં ધર્મ-કર્મકા નિર્વાહ હોના કઠિન હી નહીં, અસમ્ભવ હો જાયેગા. ઈસલિએ આપ લોગ દક્ષિણ દિશા કી ઓર જાંય. મેરી આયુ બહુત થોડી રહ ગઈ હૈ, ઈસલિયે મૈં ઈધર હી રહૂંગા. યહ કહકર ઉન્હોંને અંગ પૂર્વકિ જાનનેવાલે અપને પ્રધાન શિષ્ય શ્રી વિશાખાચાર્યકો ચરિત્રકી રક્ષાકે લિએ સારે સંઘ સહિત દક્ષિણકી ઓર રવાના કર દિયા. દક્ષિણકી ઓર જાનેવાલે મુનિ ઉધર સુખ શાન્તિસે રહે. ગુરુકે વચનોંકો માનનેવાલે શિષ્ય સદા સુખી રહતે હૈં.

સારે સંઘકો ચલા ગયા દેખ ઉજ્જૈનકે રાજા ચન્દ્રગુપ્તકો ઉનકે વિયોગકા બહુત દુઃખ હુઆ. વે ભી દીક્ષા લે મુનિ બન ગયે ઔર ભદ્રબાહુ આચાર્ય કી સેવા કરને લગે. આયુ કમ રહનેકે કારણ આચાર્યને સમાધિ લે લી ઔર અન્તમેં સ્વર્ગમેં લાભ કિયા.

સોમશર્મા બ્રાહ્મણ વંશકે ચમકતે હુએ રત્ન, જિનધર્મ રૂપ સમુદ્રકે બઢાનેકો પૂર્ણ ચન્દ્રમા ઔર યોગિયોંકે શિરોમણિ શ્રી ભદ્રબાહુ પંચમશ્રુતકેવલી હમેં વહ લક્ષ્મી દે જો સર્વોચ્ચ સુખકી દેનેવાલી હૈ.

(આરાધનાકથા કોષ, ભાગ-૨)

*

[તા. ૧૦-૮-૨૦૦૨]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી 'અષ્ટપાહુડ' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

★ આગામી શ્રાવણ વદ ૧૪, તા. ૬-૯-૨૦૦૨, શુક્રવારના દિવસે પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબેનના જાતિસ્મરણરૂપ 'જ્ઞાનવૈભવ' પ્રકાશનનો સાતમો વાર્ષિક દિવસ તથા આપણા ઊંડા આદર્શ-આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહનો ૯૫મો વાર્ષિક જન્મદિવસ છે. આથી આ અવસર પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

**દશલક્ષણ પર્યુષણપર્વ** :— ભાદરવા સુદ-૫, તા. ૧૧-૯-૨૦૦૨, બુધવારથી ભાદરવા સુદ-૧૪, તા. ૨૦-૯-૨૦૦૨, શુક્રવાર—દસ દિવસ સુધી શ્રી દશલક્ષણ પર્યુષણપર્વ દશલક્ષણ-મંડલવિધાનપૂજા, દેવગુરુભક્તિ તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનની ઉપાસનાપૂર્વક ઊજવવામાં આવશે. તા. ૧૬-૬-૨૦૦૨ના દિવસે સુગંધ દશમી તા. ૧૯, ૨૦ અને ૨૧ ત્રણ દિવસ રત્નત્રય-ઉપાસનાપર્વ, તા. ૨૦-૯-૨૦૦૨ના દિવસે 'અનંત-ચતુર્દશી' અને તા. ૨૨-૯-૨૦૦૨, રવિવારના દિવસે ક્ષમાવણી પર્વ—આ બધા પર્વ પૂજાભક્તિના વિશેષ સમારોહ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની ઉપાસનાપૂર્વક ઊજવવામાં આવશે.

★ દશલક્ષણપર્યુષણપર્વ માટે જે મુમુક્ષુમંડળોની સોનગઢથી પ્રવચનકાર વિદ્વાન બોલાવવાની ભાવના હોય તેઓ પોતાના મંડળના પ્રમુખ અથવા મંત્રી દ્વારા સોનગઢ–ટ્રસ્ટના પ્રચાર વિભાગને તુરંત લેખિત નિવેદન કરવા વિનંતી. શક્યતાનુસાર પ્રબંધ કરવામાં આવશે.

*

## ❋ કૌન બનેગા આત્માર્થી ? ❋

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૯મા મંગલ જન્મ-મહોત્સવ પ્રસંગે આયોજિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ અન્વયે ''કૌન બનેગા આત્માર્થી ?'' નામના જ્ઞાનવર્ધક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં નીચે મુજબના વિષય-આધારિત તૈયાર કરાયેલ હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે.

૧. પૂજ્ય ગુરુદેવશ્રીનું વર્તમાન જીવનચરિત્ર તથા ભૂત અને ભાવિના ભવ.

૨. પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત ૧ થી ૧૧૩ બોલ

૩. ગંથાધિરાજ સમયસાર શાસ્ત્રની ૧ થી ૩૮ ગાથા

૪. છ ઢાળા

૫. સુવર્ણપુરીનો ઈતિહાસ

આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક સર્વે મુમુક્ષુ ભાઈ બહેનોને અગાઉથી તૈયારી કરીને આવવા વિનંતી છે.

અધ્યાત્મવિદ્યાસ્થળી સુવર્ણપુરીમાં—

## ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનના ૮૯માં વર્ષના 'મંગલમય-જન્મમહોત્સવ'ના પુનીત અવસર પર તા. ૧૮-૮-૨૦૦૨, રવિવારથી તા. ૬-૯-૨૦૦૨, શુક્રવાર—વીસ દિવસના અધ્યાત્મ-તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુ મહાનુભાવો (પુરુષો) માટે 'ધાર્મિક શિક્ષણવર્ગ' રાખવામાં આવેલ છે. શિક્ષણના બે વર્ગ—ઉત્તમ તથા મધ્યમ—રાખવામાં આવેલ છે. ઉત્તમ કક્ષામાં સવારે સમયસર ગાથા ૬ થી ૧૨, તથા બપોરે પ્રવચનસાર-જ્ઞેય અધિકાર ગાથા ૧૦૦, ૧૦૧, ૧૦૨ પર શિક્ષણ આપવામાં આવશે. મધ્યમ કક્ષામાં સવારે શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા તથા બપોરે મોક્ષમાર્ગ પ્રકાશક પર શિક્ષણ આપવામાં આવશે. શિક્ષણાર્થી મહાનુભાવો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

સૂચના :—સમયસાર, પ્રવચનસાર, જૈન સિદ્ધાંત-પ્રશ્નોત્તરમાળા તથા મોક્ષમાર્ગ-પ્રકાશક—આ પાઠ્ય પુસ્તકો આપની પાસે હોય તો અવશ્ય સાથે લાવવા વિનંતી.

ભગવાન મહાવીરસ્વામી–નિર્વાણ-વાર્ષિક પર્વ પ્રસંગે
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ સુવર્ણપુરી મધ્યે

## માનસ્તંભ-પ્રતિષ્ઠા-સુવર્ણ જયંતી (૫૦મા) વર્ષના ઉપલક્ષમાં
## માનસ્તંભ-કલશપ્રતિષ્ઠા તથા મહામસ્તકાભિષેકનો

# ❀ મંગલ મહોત્સવ ❀

આનંદોલ્લાસ સહ નિવેદનકે અધ્યાત્મયુગ પ્રવર્તક સ્વાત્માનુભવી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્તશિરોમણિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપે આપણા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની શુભાશિષભરી આનંદવર્ધિની મંગલ ઉપસ્થિતિમાં, અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ) મધ્યે વિ.સં. ૨૦૦૯માં નિર્મિત તથા પ્રતિષ્ઠિત ૬૩ ફુટ ઉન્નત આરસપાષાણ–રચિત ભવ્ય માનસ્તંભની પ્રતિષ્ઠાના સુવર્ણ જયંતી (૫૦મા) વર્ષના ઉપલક્ષમાં, આગામી ''મહાવીર–નિર્વાણ (દીપાવલી)' વાર્ષિક પર્વ પ્રસંગે માનસ્તંભ ઉપરના કલશને સુવર્ણથી પુનઃ વિભૂષિત કરી, તેની પુનઃ પ્રતિષ્ઠા તથા માનસ્તંભનાં પ્રતિષ્ઠિત જિનબિંબોનો મહામસ્તકાભિષેક કરવાનું મંગલ આયોજન નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ આયોજનાધીન મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં વિ.સં. ૨૦૫૮, આસો વદ બુધવાર, તા. ૩૦-૧૦-૨૦૦૨ થી વિ.સં. ૨૦૫૯, કારતક સુદ ૨, બુધવાર, તા. ૬-૧૧-૨૦૦૨–એમ આઠ દિવસ સુધી શ્રી શાંતિજાપ, મંડપપ્રતિષ્ઠા, વિધિ-અધ્યક્ષ શ્રી જિનબિંબ-બિરાજમાન આચાર્ય-અનુજ્ઞા, ઈંદ્રપ્રતિષ્ઠા, ઈંદ્રશોભાયાત્રા, નાંદીવિધાન, અખંડ-દીપપ્રદીપન ધર્મધ્વજારોહણ, ત્રિલોકમંડલ-વિધાનપૂજા, યાગમંડલપૂજા, જલયાત્રા, કલશશુદ્ધિ કલશારોહણ, માનસ્તંભ–જિનમહાભિષેક (મહાભિષેક સ્ફટિકમણી કલશ, રત્ન-કલશ, સુવર્ણ-કલશ, રજત-કલશ અને સાદા કલશો વડે કરવામાં આવશે. સ્ફટિકમણી કલશ વગેરેની તથા ઈંદ્રોની ઉછામણી બોલવામાં આવશે.)

પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મામૃતભરપૂર CD ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, ભજનમંડળીઓ દ્વારા ભક્તિ, સાસ્કૃતિક પ્રોગ્રામ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ—ઊજવવામાં આવશે.

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિમાં અતિ ભવ્યતાથી સંપન્ન થનાર આ ભવ્ય મહોત્સવ પ્રસંગે આબાળગોપાળ સમસ્ત મુમુક્ષુઓ લાભ લઈ શકે અને તેઓ પોતાની પ્રવાસ–ટીકીટ વગેરેનું આયોજન કરી શકે તે માટે વહેલાસર નિવેદન કરવામાં આવે છે.

*નિવેદક—*

*શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ*

*પ્રમુખ–હસમુખલાલ પોપટલાલ વોરા.*

અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

## ✻ માનસ્તંભ-પ્રતિષ્ઠાનો સુવર્ણ-જયંતી મહોત્સવ ✻

અત્યંત આનંદોત્સાહ સહ વિજ્ઞાપન કે—પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત શિરોમણિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં મંગળ કરકમળે વિ. સં. ૨૦૦૯માં પ્રતિષ્ઠાપિત ૬૩ ફૂટ ઉન્નત અતિ ભવ્ય માનસ્તંભની પ્રતિષ્ઠાના સુવર્ણ-જયંતી (૫૦ વર્ષીય) મહોત્સવ નિમિત્તે આ વર્ષે દીપાવલિ પર્વ પ્રસંગે એ મંગલ અવસર અતિ ભવ્ય રીતે ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આઠ દિવસનો આ મંગલ મહોત્સવ દીપાવલિ-પ્રસંગે તા. ૩૦-૧૦-૨૦૦૨ થી તા. ૬-૧૧-૨૦૦૨ સુધી ઊજવવામાં આવશે. આ સુવર્ણ-જયંતી-મહોત્સવના આયોજન-નિમિત્તે નીચે પ્રમાણે બે સ્કીમ નક્કી કરવામાં આવી છે.

૧. જેમને મહોત્સવ-આયોજક તરીકે સ્વતંત્રપણે લાભ લેવાનો ભાવ હોય તેમણે આયોજનનો સંપૂર્ણ ખર્ચ આપવો આવશ્યક છે.

અથવા

રૂા. ૧૧,૦૦,૦૦૦=૦૦ (અગ્યાર લાખ) કે તેથી વધારે આપવાથી આયોજકપણાનો લાભ પ્રાપ્ત થશે.

૨. આ સ્કીમનો લાભ કોઈપણ મંડળ-સંસ્થા અથવા વ્યક્તિગત લઈ શકશે.

આયોજકપણાનો જે લાભ લેશે તેમનાં નામ નિમંત્રણપત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવશે તથા માનસ્તંભના જિનેન્દ્રોના અભિષેક તથા પૂજા વગેરેમાં ઇંદ્ર તરીકેનો પણ લાભ મળશે.

સૂચના :—જેમને આ સ્કીમનો લાભ લેવાની ભાવના હોય તેમણે તા. ૫-૯-૨૦૦૨ સુધીમાં ટ્રસ્ટને જણાવી દેવું, જેથી તેમને સ્વીકૃતિ આપી શકાય.

વિજ્ઞાપક—

શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

પ્રમુખ—હસમુખલાલ પોપટલાલ વોરા

ચેન્નાઈ નિવાસી શ્રીમતી પ્રવીણાબેન કાન્તિલાલ કામદાર-પરિવાર તરફથી
અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આયોજિત
પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૯મા વર્ષનો

# મંગલમય જન્મોત્સવ

સ્વાનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગના પ્રકાશક, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની, વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુમહિમા તથા સ્વાનુભવમાર્ગનો સમુદ્યોત કરવાવાળી ઉપકાર-કિરણો આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહેશે. આપણી તે ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દ્રઢ કરવા માટે, તે ઉપકારમૂર્તિના ૮૯મા વર્ષનો 'મંગલ જન્મોત્સવ' (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં અત્યંત ભક્તિભાવથી ઊજવવામાં આવશે. આ મંગલજન્મોત્સવનું શુભ આયોજન તા. ૨૦-૮-૨૦૦૨, મંગળવારથી તા. ૨૪-૮-૨૦૦૨, શનિવાર—પાંચ દિવસ સુધી 'શ્રી સિદ્ધપરમેષ્ઠી મંડલવિધાનપૂજા' અધ્યાત્મજ્ઞાનોપાસના તથા દેવગુરુભક્તિ આદિ વિવિધ રોચક કાર્યક્રમ સાથે અતિ ભક્ત્યુલ્લાસથી સંપન્ન થશે. આપણા આદરણીય, ગહન-આદર્શ-આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના મંગલ સાનિધ્યમાં અત્યાનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવનાર આ મંગલ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસવાળાં ઓડિયો-વિડિયો ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, અધ્યાત્મજ્ઞાન-શિક્ષણશિબિર, કૌન બનેગા આત્માર્થી—આ પશ્ન-કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ—વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમનો પણ સર્વેને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

*આયોજક—*
*કાન્તિલાલ અમીચંદ કામદાર*
*હા. અશ્વિન તથા ભરત કામદાર*

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ જે આત્મા છે તેમાં પરના કર્તા–કર્મ આદિ ષટ્‌કારકો નથી, રાગના ષટ્‌કારકો તેમાં નથી ને એની નિર્મળ પર્યાય છે તેના ષટ્‌કારકોથી પણ પાર એવો આત્મા તે હું છું. નિર્મળ પર્યાયના ષટ્‌કારકોથી મારી ચીજ ભિન્ન છે. પરના કર્તાપણાની કે રાગના કર્તાપણાની વાત તો ક્યાંય રહી પણ નિર્મળ પર્યાયના ષટ્‌કારકોની પ્રક્રિયાથી ભિન્ન મારી ચીજ છે. જ્ઞાયકસ્વરૂપ અબદ્ધસ્વરૂપ આત્મા પર્યાયના ષટ્‌કારકોથી ભિન્ન છે. મોક્ષમાર્ગના ષટ્‌કારકો છે તે દ્રવ્યસ્વભાવમાં નથી. મોક્ષમાર્ગની પર્યાયના એક સમયના ષટ્‌કારકોની પ્રક્રિયાથી પાર–ભિન્ન નિર્મળ અનુભૂતિ–ત્રિકાળી અનુભૂતિ, તે અનુભૂતિ-માત્રપણાને લીધે હું શુદ્ધ છું. ૨૫૯.

❀ શ્રોતા :–પરની પર્યાયને તો કરે નહિ પણ પોતાની પર્યાયને પણ કરે નહિ?

પૂજ્ય ગુરુદેવ :–પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું? ખરેખર તો એ જ્ઞાતાદૃષ્ટા જ છે. પ્રયત્નપૂર્વક મોક્ષને કર એમ કથન આવે, કમર કસીને મોહને જીતવો એમ ભાષામાં આવે પણ ખરેખર તો એની દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું એટલે એ જ્ઞાતાદૃષ્ટા જ છે. જ્ઞાતાદૃષ્ટામાં અનંતો પુરુષાર્થ છે. ૨૬૦.

❀ વિકલ્પનો ભાગ પણ ક્રમસર થાય છે, પણ જ્યાં તેના કાળક્રમે નીકળે છે ત્યાં મેં કર્યો એમ એને ભ્રમ પડી જાય છે. ૨૬૧.

❀ રાગમિશ્રિત નિર્ણયથી નિર્વિકલ્પ થતો નથી પરંતુ નિર્વિકલ્પ થતાં પહેલાં વિકલ્પથી કેવો નિર્ણય કરે છે તે કહે છે. પ્રથમ શું કરે?—કે પ્રથમ રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરે કે જ્ઞાનસ્વરૂપ આત્મા છું. સર્વજ્ઞદેવે કહેલાં પરમાગમથી નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. ગુરુ પાસેથી સાંભળીને નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. હજી સમ્યગ્દર્શન થયું નથી પણ સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તેવી ધગશવાળો આંગણે ઊભેલો જીવ પ્રથમ એમ નિર્ણય કરે છે કે દયા-દાનના ભાવ વિકાર છે, તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વભાવ આત્મા છું. જાણવાના સ્વભાવવાળો અનાદિ–અનંત છું, —આવો વિકલ્પ તે પણ હું નથી. હું જ્ઞાનસ્વભાવ આત્મા છું. પહેલાં વિકલ્પ દ્વારા આવો નિર્ણય કરે છે. ૨૬૨.

## પૂજ્ય ગુરુદેવશ્રીનાં મૂળભૂત શબ્દો :—

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે "તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર! ઓહોહો!! ભગવાન! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો!—કે એ પરમાત્મા અમે છીએ એ નક્કી ક્યારે થશે? -કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે પછી આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહિ."

*—આત્મજ્ઞાનવૈભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવશ્રી*
*(શ્રી યોગસાર-પ્રવચન; પ્રવચન નં. ૯)*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦
સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334